# કૅન્સરની સારવાર શરૂ કરતાં પહેલાં તમારા ઑન્કોલોજિસ્ટને આ પ્રશ્નો જરૂર પૂછો

## યોગ્ય પ્રશ્નો તમારી સારવારની દિશા બદલી શકે છે

**કૅન્સરથી મોટી જિંદગી**
ડો. કૌશલ પટેલ

થોડા સમય પહેલાં મેં એક લેખ લખ્યો હતો જેમાં મેં એક જ વિચાર પર ભાર મૂક્યો હતો કૅન્સરની સારવાર શરૂ કરતાં પહેલાં દર્દીએ માત્ર એટલું ન પૂછવું જોઈએ કે, "મને કઈ સારવાર મળશે?" પરંતુ એટલું જરૂર પૂછવું જોઈએ કે, "મારી બીમારી માટે આજના સમયમાં ઉપલબ્ધ તમામ વૈજ્ઞાનિક સારવારના વિકલ્પો કયા છે?" આ લેખ પ્રકાશિત થયા પછી અનેક દર્દીઓ, તેમના પરિવારજનો અને દેશ-વિદેશમાં વસતા ગુજરાતી વાચકોના ફોન, સંદેશા અને ઈ-મેઈલ મળ્યા. ઘણા લોકોએ સ્વીકાર્યું કે તેમને પહેલી વાર સમજાયું કે કૅન્સરની સારવારમાં ઘણી વખત એકથી વધુ યોગ્ય વિકલ્પો હોઈ શકે છે. કેટલાકે પૂછ્યું કે શું દરેક દર્દીએ સેકન્ડ ઓપિનિયન લેવું જોઈએ? કેટલાકે પૂછ્યું કે જો નવી સારવાર ઉપલબ્ધ હોય તો તે દરેકને કેમ આપવામાં આવતી નથી? પરંતુ સૌથી વધુ પૂછાયેલો પ્રશ્ન એક જ હતો–"ડૉક્ટર, સારવારના વિકલ્પો વિશે પૂછવું તો જરૂરી છે, પરંતુ તેના સિવાય અમે બીજું શું પૂછવું જોઈએ?" આ પ્રશ્નનો જવાબ માત્ર થોડાં વાક્યોમાં આપી શકાય એવો નથી. હકીકતમાં, કૅન્સરની સારવારમાં યોગ્ય પ્રશ્નો પૂછવાની શરૂઆત ત્યાંથી થાય છે જ્યાં મોટાભાગના દર્દીઓ પ્રશ્ન પૂછવાનું બંધ કરી દે છે. આધુનિક કૅન્સર સારવાર છેલ્લા બે દાયકામાં અસાધારણ રીતે બદલાઈ છે. એક સમય હતો જ્યારે લગભગ દરેક દર્દી માટે મર્યાદિત સારવાર ઉપલબ્ધ હતી. આજે પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. હવે સારવાર માત્ર કીમોથેરાપી સુધી

જ્યારે દર્દીને પ્રથમ વખત કહેવામાં આવે કે તેને કૅન્સર છે, ત્યારે તેના મનમાં ભય, અનિશ્ચિતતા અને અસંખ્ય પ્રશ્નો જન્મે છે. તે ક્ષણે મોટા ભાગના લોકો માત્ર એક જ શબ્દ સાંભળે છે–કૅન્સર. પરંતુ આ એક શબ્દની પાછળ ઘણી માહિતી છુપાયેલી હોય છે, જે સારવાર નક્કી કરવામાં સૌથી મહત્વની ભૂમિકા ભજવે છે. તમારે તમારા ઑન્કોલોજિસ્ટને શાંતિથી પૂછવું જોઈએ કે, "મને કયો પ્રકારનો કૅન્સર છે?" કારણ કે માત્ર અંગનું નામ પૂરતું નથી. ઉદાહરણ તરીકે, બે દર્દીઓને ફેફસાંનું કૅન્સર હોઈ શકે, પરંતુ એકને એવી જિનેટિક વિશેષતા હોઈ શકે કે તેને ટાર્ગેટેડ થેરાપીથી અદ્ભુત લાભ મળે, જ્યારે બીજા દર્દીને ઈમ્યુનોથેરાપી અથવા કીમોથેરાપીની જરૂર પડે. એ જ રીતે બે મહિલાઓને બ્રેસ્ટ કૅન્સર હોય છતાં તેમની સારવાર સંપૂર્ણપણે અલગ હોઈ શકે છે, કારણ કે બંનેના ટ્યુમરની જૈવિક રચના અલગ હોય છે.

આ પછીનો મહત્વપૂર્ણ પ્રશ્ન છે–"મારા કૅન્સરનું સ્ટેજ શું છે?" દર્દીઓ ઘણી વખત માત્ર સ્ટેજ વિશે સાંભળે છે, પરંતુ તેનો સાચો અર્થ સમજતા નથી. સ્ટેજ માત્ર બીમારી કેટલી ફેલાઈ છે તે દર્શાવે છે. તે સારવારની યોજના બનાવવામાં મદદ કરે છે, પરંતુ માત્ર સ્ટેજના આધારે સારવાર નક્કી થતી નથી. આજના સમયમાં ટ્યુમરની બાયોલોજી, જિનેટિક ફેરફારો, દર્દીની ઉંમર, અન્ય બીમારીઓ, શારીરિક ક્ષમતા અને અનેક અન્ય પરિબળો પણ એટલા જ મહત્વના છે. એટલે જ એક જ સ્ટેજ ધરાવતા બે દર્દીઓની સારવાર અલગ હોઈ શકે છે. આ સાથે જ એક વધુ પ્રશ્ન પૂછવો જરૂરી છે "મારી સારવારનો હેતુ શું છે?" આ પ્રશ્ન કદાચ સૌથી મહત્વપૂર્ણ છે. શું સારવારનો હેતુ સંપૂર્ણ રોગમુક્તિ છે? શું તેનો હેતુ સર્જરી પહેલાં ગાંઠને નાની કરવાનો છે? શું સારવારનો ઉદ્દેશ્ય ફરીથી કૅન્સર ન થાય તે માટે છે? કે પછી લાંબા સમય સુધી રોગને નિયંત્રણમાં રાખીને દર્દીના જીવનની ગુણવત્તા જાળવવાનો છે? જ્યારે દર્દી અને પરિવાર સારવારનો હેતુ સમજે છે, ત્યારે તેઓ દરેક નિર્ણય વધુ પરિપક્વતા સાથે લઈ શકે છે.

સામેની લડાઈમાં માત્ર આધુનિક દવાઓ જ શક્તિ આપતી નથી. યોગ્ય માહિતી, યોગ્ય સમજણ અને યોગ્ય સમયે પૂછાયેલા પ્રશ્નો પણ એટલા જ મહત્વના હથિયાર છે. આગામી ભાગમાં આપણે સમજવાનો પ્રયત્ન કરીશું કે આજના સમયમાં મોલેક્યુલર ટેસ્ટિંગ, નેક્સ્ટ જનરેશન સીક્વેન્સિંગ (NGS), જિનેટિક્સ, વારસાગત કૅન્સર અને સારવારનો યોગ્ય ક્રમ કેવી રીતે કૅન્સર સારવારની દિશા બદલી શકે છે, અને દર્દીએ પોતાના ઑન્કોલોજિસ્ટને કયા અગત્યના પ્રશ્નો પૂછવા જોઈએ જેથી સારવાર ખરેખર વ્યક્તિગત અને વૈજ્ઞાનિક બની શકે.

શું માત્ર કૅન્સરનું નામ અને સ્ટેજ જાણવાથી યોગ્ય સારવાર નક્કી થઈ જાય? આ પ્રશ્નનો જવાબ છે–ના. આધુનિક ઑન્કોલોજીનું સૌથી મોટું પરિવર્તન એ છે કે આજે આપણે માત્ર કૅન્સર ક્યાં છે તે નથી જોતા, પરંતુ તે કેવી રીતે વર્તે છે, તેની અંદર કયા જૈવિક ફેરફારો થયા છે અને કઈ સારવાર સામે તે વધુ સંવેદનશીલ હોઈ શકે છે તે સમજવાનો પ્રયાસ કરીએ છીએ. આ વાત કદાચ સરળ ઉદાહરણથી વધુ સ્પષ્ટ થઈ શકે. જો બે દર્દીઓને ફેફસાંનું કૅન્સર હોય અને બંનેનું સ્ટેજ પણ એકસરખું હોય, તો પણ તેમની સારવાર એકસરખી હશે જ એવું જરૂરી નથી. કારણ કે એક દર્દીના ટ્યુમરમાં એવી જિનેટિક ફેરફાર હોઈ શકે છે જેના કારણે ટાર્ગેટેડ થેરાપી ખૂબ અસરકારક બને, જ્યારે બીજા દર્દીને તેનાથી કોઈ લાભ ન થાય. એ જ રીતે બ્રેસ્ટ કૅન્સરમાં માત્ર ગાંઠનું કદ જ મહત્વનું નથી, પરંતુ હોર્મોન રિસેપ્ટર, HER2 જનિનિક ફેરફાર અને અન્ય જૈવિક પરિબળો સારવારની દિશા બદલી શકે છે. આથી દર્દીએ પોતાના ઑન્કોલોજિસ્ટને એક મહત્વનો પ્રશ્ન પૂછવો જોઈએ "શું મારી બીમારી વિશે હજુ એવી કોઈ માહિતી મેળવવાની જરૂર છે જે મારી સારવારને બદલી શકે?" આ પ્રશ્ન આપણને મોલેક્યુલર ટેસ્ટિંગ અને prision ઑન્કોલોજીના યુગમાં લઈ જાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં નેક્સ્ટ જનરેશન સીક્વેન્સિંગ (NGS) જેવી ટેક્નોલોજીએ કૅન્સર સારવારમાં ક્રાંતિ સર્જી છે. આ તપાસ ટ્યુમરની અંદર રહેલા અનેક જિનેટિક ફેરફારોને ઓળખી શકે છે અને કેટલીક પરિસ્થિતિમાં એવી દવાઓ પસંદ કરવામાં મદદરૂપ બને છે જે ચોક્કસ જિનેટિક બદલાવને નિશાન બનાવે છે. પરંતુ અહીં એક બાબત ખૂબ જ સ્પષ્ટ રીતે સમજવી જરૂરી છે. ઘણા દર્દીઓ સોશિયલ મીડિયા અથવા ઈન્ટરનેટ પરથી વાંચીને માને છે કે નવી તપાસ એટલે હંમેશાં વધુ સારી સારવાર. હકીકતમાં સારો નિર્ણય એ નથી કે દરેક દર્દીને દરેક તપાસ કરાવી દેવી. સારો નિર્ણય એ છે કે યોગ્ય દર્દીને, યોગ્ય સમયે, યોગ્ય કારણસર યોગ્ય તપાસ કરાવવી. કેટલીક પરિસ્થિતિમાં NGS સારવારની દિશા સંપૂર્ણપણે બદલી શકે છે, જ્યારે કેટલીક પરિસ્થિતિમાં તેનો કોઈ વધારાનો લાભ ન હોય. તેથી દર્દીએ પૂછવું જોઈએ–"શું આ તપાસથી મારી સારવારમાં કોઈ વ્યવહારુ ફેરફાર આવશે?"



સીમિત નથી. સર્જરી, રેડિયેશન, ટાર્ગેટેડ થેરાપી, ઈમ્યુનોથેરાપી, હોર્મોનલ સારવાર, પ્રિસિઝન ઑન્કોલોજી અને વ્યક્તિગત જિનેટિક માહિતીના આધારે સારવાર જેવી અનેક શક્યતાઓ ઉપલબ્ધ છે. એટલે જ હવે માત્ર દવા પસંદ કરવી પૂરતી નથી; યોગ્ય દર્દી માટે યોગ્ય સમયે યોગ્ય સારવાર પસંદ કરવી સૌથી મોટી જવાબદારી બની ગઈ છે.

ઘણી વખત દર્દીઓ માને છે કે ડૉક્ટરે જે કહ્યું હોય તે અંતિમ નિર્ણય છે. વિશ્વાસ હોવો ખૂબ જ જરૂરી છે, પરંતુ સમજણ વગરનો વિશ્વાસ ઘણી વખત દર્દીને પોતાની સારવાર વિશે અજાણ રાખે છે. આજે સમગ્ર વિશ્વમાં કૅન્સર સારવારનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. હવે દર્દી માત્ર સારવાર લેતો વ્યક્તિ નથી, પરંતુ સારવારના નિર્ણયમાં ભાગીદાર છે. જે દર્દી પોતાની બીમારીને સમજે છે, તે સારવારને વધુ સારી રીતે અનુસરે છે, આડઅસરોને સમયસર ઓળખી શકે છે અને ઘણી વખત વધુ સારા પરિણામો મેળવે છે. અપણા સમાજમાં ડૉક્ટરને પ્રશ્ન પૂછવામાં હજુ પણ સંકોચ અનુભવાય છે. ઘણા દર્દીઓ વિચારે છે કે વધુ પ્રશ્ન પૂછવાથી કદાચ ડૉક્ટરને ખરાબ લાગશે, સમય બગડશે અથવા એવું લાગશે કે દર્દી વિશ્વાસ નથી રાખતો. પરંતુ મારા અનુભવમાં સત્ય તેનાથી બિલકુલ વિપરીત છે. સારો ઑન્કોલોજિસ્ટ ક્યારેય પ્રશ્નોથી અસ્વસ્થ થતો નથી. તે જાણે છે કે જે દર્દી સમજીને સારવાર લે છે, તે સારવારના દરેક તબક્કામાં વધુ આત્મવિશ્વાસ સાથે આગળ વધે છે. આથી, જો આજે હું દરેક દર્દીને એક જ સલાહ આપું તો તે એટલી જ હશે કે તમારા દરેક પ્રશ્નનું મૂલ્ય છે. કોઈપણ પ્રશ્ન નાનો નથી અને કોઈપણ શંકા અગત્યહીન નથી. ઘણી વખત એક યોગ્ય પ્રશ્ન ભવિષ્યનો યોગ્ય નિર્ણય બની જાય છે. પરંતુ પ્રશ્ન પૂછવાની શરૂઆત ક્યાંથી કરવી? માર મત મુજબ સૌ પ્રથમ પહેલો પ્રશ્ન દવા વિશે નહીં, પરંતુ પોતાની બીમારી વિશે હોવો જોઈએ.

**ઘણી વખત દર્દીઓ માને છે કે ડૉક્ટરે જે કહ્યું હોય તે અંતિમ નિર્ણય છે, વિશ્વાસ હોવો ખૂબ જ જરૂરી છે, પરંતુ સમજણ વગરનો વિશ્વાસ ઘણી વખત દર્દીને પોતાની સારવાર વિશે અજાણ રાખે છે**

ઘણી વખત દર્દીઓ માત્ર દવાના નામ યાદ રાખે છે, પરંતુ પોતાની બીમારી વિશે બહુ ઓછી માહિતી જાણતા હોય છે. મારી વિનંતી એટલી જ છે કે દવાનું નામ યાદ રાખતા પહેલાં તમારી બીમારીને ઓળખો. કારણ કે જ્યારે તમે તમારી બીમારીને સમજો છો, ત્યારે તમે માત્ર સારવાર લેતા દર્દી નહીં, પરંતુ તમારી સારવારના સક્રિય સહભાગી બની જાઓ છો. કૅન્સર

આ પ્રશ્ન જેટલો વૈજ્ઞાનિક છે, એટલો જ આર્થિક રીતે પણ મહત્વનો છે. આપણે ઘણી વખત સારવારના ખર્ચની ચર્ચા કરીએ છીએ, પરંતુ બિનજરૂરી તપાસો પણ દર્દી પર આર્થિક ભાર વધારી શકે છે. બીજી તરફ, જ્યાં જરૂરી તપાસ ન થાય ત્યાં જીવન બદલનારી સારવારનો અવસર ચૂકી શકાય. બંને પરિસ્થિતિઓથી બચવાનો શ્રેષ્ઠ માર્ગ છે-સમજપૂર્વક નિર્ણય લેવો. આ સાથે જ એક બીજો મહત્વપૂર્ણ વિષય છે–વારસાગત કૅન્સર.



# કોમળતાનું કાવ્ય અને સાદગીનું શિલ્પ

**મનકા સિતાર**
કેશુભાઇ દેસાઇ

*હળવે તે હાથે ઉપાડજો રે અમે*
*કોમળ કોમળ!*
*સાથરે ફૂલડાં ઢાળજો રે અમે*
*કોમળ કોમળ...*

કવિની રુગ્ણ નાયિકા હળવે હાથે સ્પર્શવાની નમ્ર સ્વરે વિનંતી કરે છે. એને મરણાસન્ન સ્થિતિમાં પણ પોતાની કોમળતા નંદવાઈ નથી એની પૂરી પ્રતીતિ છે. કવિતા વાંચતાં વાંચતાં એક સ્વપ્નસુંદરી બંધ આંખો સામે અમળાઈ ઊઠે છે.

કુમળી લાગણીઓને કલમે કંડારવામાં માધવ રામાનુજનો જોટો જડવો મુશ્કેલ છે. રમેશ પારેખ પણ એમની સામે નહીં ટકી શકે.

*એમની ગ્રામ્યા નાયિકા કેવી ઋજુ કલ્પનાઓમાં રાચે છે!*
*વન વચોવચ ખેતર ઊભાં ગામ વચોવચ મેડી*
*એમ થાતું કે સ્હેજ ઝૂકીને ખીણ આખી લઉં તેડી!*

•••

*ઉંબરે ઊભી હોઉં ને વાટે ગાડેગાડાં સીમની કૂણી*
*સાંજ ભરીને સાયબો આવે ..*
*દનના ડુંગર ઊતરી આવે રાતનાં અબોલ કહેણ;*
*બારીએ બેઠી હોઉં ને ખોળો ખૂંદતી કોમળ*
*પગલિયુંના ખિલખિલાટે ઊછળે છાતી*
*છલછલોછલ બે કાંઠે ઊભરાય નદીનાં વ્હેણ....*

•••

*ઊંઘની આંબાડાળ: ટપોટપ સોણલિયાં લઉં વેડી,*
*વન વચોવચ ખેતર ઊભાં ગામ વચોવચ મેડી...*

કેવો ભાગ્યશાળી હશે એ મીઠાંમધ કલ્પનો અને સપનાંમાં મહાલતો કોમળતાના પર્યાય સમો જીવ! નામ માધવ છે એટલે દેખીતી રીતે જ એનામાં મધુવન તો મહેકતું જ હશે. બહુ રૂપાળી ગોપીઓનું ઝુંડ લઈને વગડામાં વિહાર કરતો હશે. એને અમથી આવી કવિતા થોડી સ્ફુરે!

કવિ મારે માટે છેક બાળપણથી કુતૂહલનું પાત્ર રહ્યું છે. મેં હાઈસ્કૂલના આઠમા ધોરણના વિદ્યાર્થી તરીકે ગામમાં પધારેલા કવિવર સુન્દરમ્ ની પીઠ પાછળ ઊભા રહીને હળવેકથી એમની ગ્રીવાને કરેલ સ્પર્શથી અનુભવેલા રોમાંચની ઝણઝણાટી આજ પર્યંત જીવંત છે. સુરેશ જોષીમાં નરી વિદ્વત્તા હતી એટલે કોલેજ કાળમાં એમને ઘણી વાર મળવાનું થતું પણ એવો કવિત્વમય રોમાંચ ક્યારેય નહોતો અનુભવ્યો. શેઢેથી ઊડી ગયેલી સારસીને યાદ કરનારા રાવજીને કંકુના સૂરજ આથમી ગયા ત્યાં સુધી રૂબરૂ ન મળી શકાયું એનો અફસોસ રહ્યા કર્યો છે. જ્યેષ્ઠ ભ્રાતા સમા રઘુવીર ચૌધરી પ્રબુદ્ધ ચિંતનશીલ કવિ તરીકે જરૂર અસરકારક લાગે પણ માધવ તો માધવ જ! એમને પહેલવહેલી વખત રઘુવીર ચૌધરીના પૂર્ણેશ્વર ફ્લેટમાં જ મુગ્ધ ભાવે મળ્યો હતો, વર્ષો પહેલાં. ત્યારે હજી હું તો થોડી થોડી પ્રેમકવિતા લખતો થયેલો. વાર્તાઓ છપાવા લાગી એટલે પાતળી પરમાર જેવી કવિતા નામની પ્રેમિકાને રસ્તે રઝળતી કરી વાર્તા નામની સુપુષ્ટ સુંદરીની સાથે કોઈને ખબર પણ ના પડે એવી સિફતથી ઘડિયાં લગ્ન કરી લીધાં હતાં. એવા સંધિકાળમાં એક સો ટચના સોના જેવા કવિની ઓચિંતી મુલાકાત કેવી રોમહર્ષક લાગે! સુન્દરમ્ ને ચુપચાપ પીઠ પાછળ ઊભા રહીને અડકાડી હતી એ જ આંગળી વર્ષો પછી માધવની સાથે પાશ્ચાત્ય ઢબે હસ્તધૂનન રૂપે અડકી અને ફરી પાછો એવો જ ઝાટકો અનુભવાયો! હા, આ કવિ સાચો. એમનાં રંગરૂપ અને માંદલુ ટિબિયલ શરીર જોઈ પહેલી નજરે થયેલી નિરાશા ખંખેરીને મેં વાત શરૂ કરી. એમને મન તો હું તાજી ડોક્ટરી ભણીને જ્ઞાતિબંધુ રઘુવીરભાઈને મળવા આવેલો તબીબ યુવાન જ હતો. તબીબ ઉપરાંત ચૌધરી તો ખરો જ. બલકે ચૌધરીઓનો ચૌધરી એવો ખેરાલુનો દેસાઈ. મારા એ મુગ્ધ મંગલાચરણને રઘુવીરભાઈ આશાસ્પદ લેખક બની રહેવાની સંભાવના તરીકે નિહાળવા લાગ્યા હતા કે નહીં એની ખાતરી નથી. પરંતુ હું તો શિષ્યના સમર્પણ ભાવથી એમને મળવા જતો અને એમના ઘરે જ્ઞાતિબંધુ તરીકે હકપૂર્વક રાતવાસો પણ કરતો. દિવંગતા પારુબહેનને ભાભી કહી બોલાવતો -અલબત્ત ઘણા સંકોચ સાથે. હું રઘુવીરભાઈને ઉમળકાની પોઠ ભરીને મળવા જતો, એમની સરખામણીમાં પોતે કંઈ જ નહોતો એવી પાકી સમજણ સાથે.\R માધવ આજે પણ યાદ કરે છે કે તે વખતે તમે મને શક્તિની દવા લખી આપી હતી!

**કેવો ભાગ્યશાળી હશે એ મીઠાંમધ કલ્પનો અને સપનાંમાં મહાલતો કોમળતાના પર્યાય સમો જીવ! નામ માધવ છે એટલે દેખીતી રીતે જ એનામાં મધુવન તો મહેકતું જ હશે**

માધવ રામાનુજ ગુજરાતી ગિરાની મધુર ઓળખ બની ગયા છે. ગુજરાતના જનસાધારણને પણ એમનાં લોકલય ધરાવતાં ગીતોએ ઘેલું લગાડ્યું છે. નરસિંહ મહેતાની જેમ એ લોકજીભે ચડી ગયેલા કાલજયી કવિ બની ગયા છે. લાભશંકર ઠાકર કે સિતાંશુ યશશ્ચંદ્ર મોટા કવિ હોવા છતાં જનસાધારણથી જોજનો દૂર રહી ગયા છે. રમેશ પારેખ અને માધવ રામાનુજ એમનાં ગીતોની તાકાત પર અને મનોજ ખંડેરિયા, રાજેન્દ્ર શુક્લ કે મિસ્કીન જેવા બે ત્રણ ગઝલકારો એમની ગઝલબાનીના બળ પર ગુજરાતી ગેય કવિતાનો દિગ્વિજયરથ આગળ ધપાવતા રહ્યા છે. થોડાં વધારે વર્ષો જીવીને બ.ક. ઠાકોરે માધવની ગીતસંપદા માણી હોત તો જરૂર એમનો અભિપ્રાય કે 'કવિતા પઠનની ચીજ છે '-બદલાયો હોત.

થોડું લખીને વધુ જાણીતા થયેલા સર્જકોની આંતરરાષ્ટ્રીય યાદીમાં ગુજરાતી ભાષાના કવિ માધવ રામાનુજનું નામ બેધડક મૂકી શકાય. હિંદી સાહિત્યમાં વાર્તાકાર ચંદ્રધર શર્મા 'ગુલેરી' એમની આખી કારકિર્દી દરમિયાન લખેલી ત્રણ જ વાર્તાઓ પૈકીની એક 'ઉસને કહા થા' વાર્તાથી અમર થઈ ગયા છે.

પરંપરાગત પૈતૃક સમૃદ્ધિ ધરાવતા પરિવારના લાડકવાયા માધવ રામાનુજને પિતાના અકાળે થયેલા અવસાન પછી સતત અહીંથી તહીં ફંગોળાવું પડે છે.છેક બાળપણથી વિવિધ પ્રકારની કસોટીઓ અને યાતનાઓમાં તવાઈને આખરે એમની અંતર્નિહિત તાકાત અને લાયકાતના બળે એ આજની સન્માનનીય સ્થિતિએ પહોંચ્યા છે. પચ્છમ,કોઠ,અલુવા,ગ્રામભારતી અને અમદાવાદ સહિત અનેક ઘાટનાં પાણી પીને ઘડાયા છે. આવા સંઘર્ષો વચ્ચે ઉછરનાર જાતકો માટે જીવન સતત અવનવા અનુભવોની પ્રયોગશાળા જ બની રહે. એવી પ્રબળ જિજીવિષા જાગે કે પોતે કોઈ પણ પ્રકારની વિકટ પરિસ્થિતિમાં સ્વસ્થ જ રહે. લાડકવાઈ દીકરીના અકાળે થયેલા હૃદયવિદારક અવસાનનો આઘાત પણ સહજભાવે જીરવી શકે અને પરિષદ પ્રમુખની ચૂંટણીમાં જુનિયર હરીફ સામે થયેલી હાર પણ હસતા મોઢે જીરવી શકે. આજના અર્જુનને 'સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા' એવો સવાલ જાગે ત્યારે એને હું માધવ રામાનુજનું ઉદાહરણ આપું છું. ગમે તેવા કપરા સંજોગોમાં એ વિચલિત નથી થયા અને મસમોટાં સાહિત્યિક સમ્માન મળતાં ઓળઘોળ નથી થયા. પોતાની આગવી ઓળખ હોવા છતાં એ હરહંમેશ વડીલોને આગળ કરતા રહ્યા છે. કિડની ઈન્સ્ટિટ્યૂટના સંવેદનશીલ 'અધિકારી' હતા ત્યારે પણ એમના મેન્ટર ડૉ.એચ.એલ.ત્રિવેદીના હાથ નીચેના 'કર્મચારી'ની વિનમ્રતા સાથે ફરજ બજાવતા હતા.અરે, ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર સ્વીકારતાં પણ ડૉ.ત્રિવેદીના હસ્તે જ એ એવોર્ડ એનાયત થાય એવો આગ્રહ રાખ્યો હતો. મને ડૉક્ટર સાહેબની આત્મકથા પણ એમની ચેમ્બરમાં લઈ જઈને એમના જ વરદ હસ્તે અપાવીને ગૌરવાન્વિત કર્યો હતો એ ઘટના યાદ આવે છે. બાકી મારી કે મારાં કોઈ પરિચિત દરદીઓની સારવાર તો પોતે સાથે રહીને તજજ્ઞ ડોક્ટર પાસે કરાવતા જ રહેતા. એમના એ મૈત્રીમય સૌજન્યસભર સ્નેહલ વ્યવહાર માટે પ્રશંસા કરવી હોય તો પણ શબ્દો નથી જડતા.

મોતીભાઈ ચૌધરી સાથે ઘનિષ્ઠ પારિવારિક સંબંધ હોઈ હું ગ્રામભારતીના તિથિ પ્રસંગોમાં હાજરી આપવા જતો હોઉં છું. ઘણી મોડી ખબર પડી કે માધવ તો ત્યાં ભણેલા છે અને સંસ્થાના ટ્રસ્ટી તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે. એમને એવી તો અનેક સંસ્થાઓએ ટ્રસ્ટી મંડળના સભ્ય અને અધ્યક્ષ સ્થાને પણ બિરાજમાન કર્યા છે પરંતુ એમને એનો ભાર ઉપાડી ફરતા નથી જોયા. ચિત્રકાર તરીકે કાઠું કાઢી શકે એવી અનુકૂળતા હતી જ. પરંતુ પીંછી કરતાં વધારે એમને પેન જ ફાવી અને ફળી છે.રઘુવીરભાઈ જેવા કદરદાન મોવડી સાથે એ અનેક રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય છે. કદર ના થતી હોય એવી હાલતમાં એમને કોઈ પદ પર ચીટકી રહેવાનું ગમતું નથી. જે સંસ્થાની આર્થિક સ્થિતિ સધ્ધર કરવામાં એમનો સિંહ ફાળો હતો એ જ સંસ્થાના કદરદાન મોવડીની વિદાય પછી કિડની હોસ્પિટલનું હૃદય બની ગયેલા કવિએ એને પળનોય વિલંબ કર્યા વિના છોડી પણ દીધી.

એમને હું સાચા અર્થમાં સાધુ માનું છું. પરિષદ હોય કે અકાદમીઃ આખરે છે તો બેઉ સાહિત્યના સંવર્ધન અર્થે રચાયેલી સંસ્થાઓ. એટલે એમને મન એનો વહેરોવંચો ન જ હોય. પરિષદના ઉપપ્રમુખ હોય તો પણ અકાદમીના સામેથી મળનારા સમ્માનની અવહેલના ના કરી શકે. ભલે ટીકા થશે એવી ખાતરી હોય તો પણ. આ એમની ઠંડી તાકાત છે.સમારંભોમાં છવાઈ જવાની મુદ્દલ ઈચ્છા નહીં, મોટા ભાગે તો લલિતાબહેન અને લાડકીને સાથે લઈને જ આવે છતાં માધવ રામાનુજને જોતાંવેંત એમની મહિલા પ્રશંસકોનું કીડિયારું ઊભરાઈ જાય.

એ ભલે વિવેચક તરીકે જાણીતા નથી અને નવલકથા ક્ષેત્રે પણ એમણે બહુ કામ નથી કર્યું છતાં મારા જેવા જાણીતા નવલકથાકારને પણ એમની પાસે પ્રસ્તાવના લખાવવી ગમે છે! એ એટલા તો શરમાળ છે કે મોરારિબાપુના કાને કોઈ નાની અમથી વાત પહોંચાડવા માગતા હોય તો પણ સંકોચ અનુભવે છે! એક વખત મને ખો આપી દીધેલી ખરુંને માધવભાઈ?

હમણાં કેન્દ્રીય સાહિત્ય અકાદમીના પ્રમુખ માધવ કૌશિક મળેલા ત્યારે મેં મજાકમાં કહ્યું હતુંઃ મને તમારું નામ ગમે છે કારણકે એ મારી ભાષાના શ્રેષ્ઠ કવિનું નામ છે!

અસાઈતના સાચા ઉત્તરાધિકારી વિનાયક રાવલ સંસ્થાના પ્રમુખશ્રીના અવસાન પછી એ પદ સ્વીકારવા કોને વિનંતી કરીશું એવો વિચાર કરી રહ્યા હતા ત્યારે એક જ નામ સર્વસંમતિથી ઊપસી આવેલું : માધવ રામાનુજ.

મારે મન એ ગાંધીની સાદગી, સુન્દરમ્ ની ઋજુતા અને રવીન્દ્રનાથનું સૌન્દર્ય આત્મસાત કરી જીવતા અજાતશત્રુ 'સહજકવિ' છે.

*રહી રહીને એમની ગીત કંડિકાઓ કંઠમાં કોળી ઊઠે છે:*
*... પછી પગલામાં ચીતર્યાં સંભારણાં*
*પહેલું અબોલાના ઓરડાનું અજવાળું*
*વળતાં ચીતર્યાં રે બંધ બારણાં....*

•••

*ફળિયામાં અંબાનો ચીતર્યો પડછાયો ને ચીતર્યું*
*કૂણેરું પાન*
*ચીતરતાં ચીતરતાં ચીતર્યાં ઝળઝળિયાં ત્યાં*
*ખરી ગયું ભાન*
*કાળજામાં કોરાતી જાય હજી કૂંપળ ને*
*ઉંબરમાં અમિયલ ઓવારણાં...*
*કવિની જ બાનીમાં કવિનાં ઓવારણાં*
*લેવાનું મન થાય:*
*સરજન કેવું કર્યું*
*અહીંથી અનંત સુધી કણ કણમાં*
*લીલાવિશ્વ ભર્યું!*

## અનુસંધાન પાના એકનું

## મિજાજ મસ્તી

"ભીંજાઈ તો નથી ને? જતી રહે અંદર..."
અને એ છોકરી ભીના વાળ ઉલાળીને કહે...
"ધરતીને આમ પૂછે નહીં, ઓલું અંબર...
સોરી... રોંગ નંબર!"
(કાલીઘેલી કવિતાની કોશિશ.)

ખરેખર તો જ્યારે પૃથ્વીલોકની કોઈ કન્યા અષાઢી વાદળ સાથે ભાગીને પ્રેમવિવાહ કરશે, ત્યારે જ આપણે માનવું જોઈએ કે અવકાશક્ષેત્રે સાચી પ્રગતિ થઈ છે. (નાસા કે ઈસરોવાળાઓને ડાયરેક્ટ ચેલેન્જ!)

હવામાનશાસ્ત્રીઓ તો બિચ્ચારા પોતાની આગાહીઓ કરતા રહે છે, પણ નફ્ફટ વરસાદને શું પડી હોય? એ તો ઝાપટાંભેર અચાનક વરસીને જાણે કહી જાય છે કે માણસના મનને માપવું અને વરસાદ વિશે આગાહી કરવી – એ બંને બહુ અઘરી વાત છે.

મુંબઈ અને સુરતનો વરસાદ પ્રેમમાં ડંખ પામેલી સ્ત્રીની જેમ બેતહાશા વરસે છે. (ચંદ્રકાંત બક્ષી રિટર્ન્સ!) જેમ ઓટોમેટિક સ્વિચવાળી છત્રી એક જ સેકન્ડમાં ઉઘડીને સામેવાળાની આંખમાં વાગી જાય, એટલી ઝડપથી આખું શહેર ભીનું થઈ જાય છે. પણ મુંબઈ એવું મતલબી, મટિરિયલિસ્ટિક શહેર છે કે વરસાદને પણ ખોબામાં લઈને તરત રોકડી કરવા માંડે છે. અહીં શાણા રિક્ષાવાળાઓ સેમ રૂટના ત્રણ-ચાર ગણાં પૈસા વસૂલવા લાગે છે. અલ્હડ નૌયૌવનાની બેબાક અદાઓની જેમ બસના રૂટ અચાનક બદલાઈ જાય છે અને લોકલ ટ્રેનો તો કોઈ નવી વહુની જેમ વારંવાર ભૂલો કરવા માંડે છે. દર વર્ષે મુંબઈ કોઈ દિલહારા શરાબીના લથડતા કદમોની જેમ ફરી-ફરી ઊભું થઈને ચાલતું જ રહે છે. (બક્ષી સ્ટાઈલમાં વધુ એક સણસણતું સ્ટેટમેન્ટ!)

વરસાદની લીલાને નીતરતાં નયને જોતા રહેવામાં પણ એક લિક્વિડ લહાવો છે. (હવે ફિઝિક્સ પણ આવી ગયું, હોં!)

થાય છે કે આ વખતે આપણી સૌની ઈચ્છાઓ, લાગણીઓ અને સપનાઓ મનભરીને વરસે...અને હે પર્જન્યદેવ! અમને કશુંક સુંદર ઈચ્છવાનું વરદાન આપો! બાકી એક લેખક કે કવિ વરસાદના યજ્ઞકુંડમાં આહુતિ આપી-આપીને શું આપે? પોતાની એકલતા? પોતાનું દર્દ? અને પછી કદાચ કલાકારનું દર્દ આભ ચીરીને ઉપરવાળા સુધી પહોંચી જાય, તો આકાશમાંથી એક-એક છંદ અને એક-એક કવિતા બનીને વરસ્યા કરે...બસ!

**એન્ડ ટાઇટલ્સઃ**
**આદમઃ** રિસર્ચ કહે છે કે સ્ત્રીઓ વધુ જૂઠું બોલે છે.
**ઇવઃ** એકદમ સાચું!